# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 14-12-2024 Evening : 7.50 to 8.00
Day : Saturday National News

આકાશવાણી સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

*****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણને દેશની એકતાનો આધારસ્તંભ ગણાવ્યો છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં યોજાઈ રહેલી અગ્રસચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદમાં આવતીકાલે સંબોધન કરશે.
- રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર સલામતી વ્યવસ્થા મજબૂત કરવા રાજમાર્ગ સાથી નામના અદ્યતન પેટ્રોલિંગ વાહનો શરૂ કરાશે.
- ભારતીય રિઝર્વ બેન્કે જામીન વગરની કૃષિ ધિરાણની મહત્તમ મર્યાદા 1 લાખ 60 હજાર રૂપિયાથી વધારીને 2 લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે.
- ગુજરાત સરકારે ખાનગી હોસ્પિટલો પોતાની હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા ફરજ પાડી શકશે નહીં તેવો નિર્દેશ આપ્યો છે..

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# LS-PM CONSTITUTION

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બંધારણને દેશની એકતાનો આધારસ્તંભ ગણાવીને જણાવ્યું છે કે, તેમની સરકારની નીતિઓ દેશની એકતા વધુ મજબૂત બનાવવા માટેની છે. આજે લોકસભામાં બંધારણના વર્ષ 75 નિમિત્તે યોજાયેલા ખાસ ચર્ચા સત્રમાં જવાબ આપતા તેમણે આ મુજબ જણાવ્યું હતું

(બાઇટ પી.એમ.)

દેશની એકતા મજબુત બનાવવા એનડીએ સરકારે જમ્મુ અને કાશ્મીરમાં 370 કલમ નાબુદ કરવી અને એક દેશ – એક વેરો નીતિ અંતર્ગત જીએસટીનો અમલ કર્યો છે.

બંધારણને સમગ્ર દેશ માટે ગૌરવની બાબત ગણાવીને શ્રી મોદીએ તેમની સરકારે ખેડૂતો અને મહિલાઓના વિકાસ માટે લીધેલા પગલાંઓની વિગતો આપી હતી.

# EVE LS-CONSTITUTION DISCUSSION

લોકસભામાં ભારતીય બંધારણના 75 વર્ષ અંગેની ખાસ ચર્ચા આજે પણ જારી રહી. કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી  કિરણ રિજીજુએ દેશના બંધારણની રચનામાં ડોક્ટર બાબાસાહેબ આંબેડકરના યોગદાનની વિગતો આપીને તેમની કામગીરીને બિરદાવી હતી. તેમણે કહ્યું કે, દેશને આઝાદી મળ્યા બાદ દરેક નાગરિકને સમાન અધિકાર મળે એ બાબત સુનિશ્ચિત કરવામાં આવી રહી છે. બંધારણની આ ભાવનાને કેન્દ્રમાં રાખીને નરેન્દ્ર મોદીના વડપણ હેઠળની સરકાર સબ કા સાથ સબ કા વિકાસ મંત્રને અપનાવી આગળ વધી રહી છે.

ચર્ચામાં ભાગ લેતા વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બેરોજગારી, અગ્નિવીર યોજના તેમજ ખેડૂતો સામે કહેવાતી કડક કાર્યવાહી જેવા મુદ્દાઓ ગૃહમાં રજૂ કર્યા હતા.

# REV PM NATIONAL CONFERENCE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી નવી દિલ્હીમાં યોજાઈ રહેલી અગ્રસચિવોની ચોથી રાષ્ટ્રીય પરિષદમાં આજે અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા, તેઓ આવતીકાલે પરિષદમાં સંબોધન કરશે. ત્રણ દિવસની આ પરિષદનો ગઈકાલથી આરંભ થયો છે જેમાં વિકાસનો એકસમાન એજન્ડા લાગુ કરવો અને રાજ્યોની સાથે સુમેળ સાધીને વિકાસની રૂપરેખા તૈયાર કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરાઈ રહ્યું છે.

આ પરિષદમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચેની ભાગીદારી વધુ મજબુત બનાવવાના પ્રયાસો થશે. આ પરિષદમાં બધા જ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોના અગ્રસચિવો, વરિષ્ઠ અધિકારીઓ અને આ ક્ષેત્રના નિષ્ણાંતો ભાગ લઈ રહ્યા છે.

# NHAI-DEPLOYMENT

ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળ – NHAI એ ધોરીમાર્ગો પર સલામતી વ્યવસ્થા મજબૂત કરવા રાજમાર્ગ સાથી નામના અદ્યતન પેટ્રોલિંગ વાહનો શરૂ કરવાનો નિર્ણય લીધો છે.

આ વાહનોમાં સંદેશા વ્યવહારના અદ્યતન સાધનો અને સલામતી માટેના ઉપકરણો રહેશે. રાજમાર્ગ સાથી પર રહેલ એ.આઈ. આધારિત વીડિયો કેમેરાઓ મુસાફરોની સલામતી સુનિશ્ચિત કરવાની સાથે સાથે ધોરીમાર્ગ પર મૂકાયેલા વિવિધ માહિતી દર્શક બોર્ડ તથા અન્ય માળખાકીય અસ્કયામતોની માહિતી પણ મેળવશે.

# RBI-AGRICULTURE LOAN

ભારતીય રિઝર્વ બેંકે જામીન વગરની કૃષિ ધિરાણની મહત્તમ મર્યાદા 1 લાખ 60 હજાર રૂપિયાથી વધારીને 2 લાખ રૂપિયા કરવાનો નિર્ણય કર્યો છે.

આ નિર્ણયનો અમલ આગામી પહેલી જાન્યુઆરીથી થશે. કૃષિ અને ખેડૂત કલ્યાણ મંત્રાલયે જણાવ્યું છે કે તેનો ઉદ્દેશ્ય ખેડૂતોને વધુ સારી નાણાકીય સુવિધાઓ પૂરી પાડવાનો છે.

અમારા સંવાદદાતા જણાવે છે કે, વધુને વધુ ખેડૂતો સુધી આ નિર્ણયની માહિતી પહોંચાડવા બેન્કોને નિર્દેશ અપાયો છે. આ નિર્ણયનો લાભ નાના અને સીમાંત ખેડૂતોને થશે.

# FOOD AND DRUGS

ગુજરાત સરકારે ખાનગી હોસ્પિટલના દર્દીઓને હોસ્પિટલના જ મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવા ફરજ પાડી શકશે નહીં તેવો નિર્દેશ આપ્યો છે. તંત્રે અહીંથી દવા ખરીદવી ફરજીયાત નથી ” તેવા સાઈન બોર્ડ લગાવવાનો પણ ખાનગી હોસ્પિટલોને નિર્દેશ આપ્યો છે.

આ અંગે વધુ વિગતો આપે છે રાજ્યના ખોરાક અને ઔષધ નિયમન તંત્રના કમિશનર ડોક્ટર હેમંત કોશિયા

(બાઇટ- ડો. હેમંત કોશિયા-)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી **Youtube** ચેનલ **A.I.R.** ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ **newsonair.gov.in**/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ **A.I.R.** ન્યૂઝ અન્ડરસ્કોર **ABAD** ને ફોલો કરશો.

ગોન્ગ મ્યુઝિક

.................

\- રીપીટ

# JITENDRA - SPACE SECTOR

ભારતે વૈશ્વિક ધોરણોના આધારે અવકાશ ક્ષેત્રને વિકસાવવાના પ્રયાસો હાથ ધર્યા છે અને આ ક્ષેત્રનું અર્થતંત્ર આગામી દસ વર્ષમાં ત્રણ ગણું વધે તેવી સંભાવના છે. કેન્દ્રીય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્રસિંહે નવી દિલ્હીમાં ખાનગી પ્રસાર માધ્યમો દ્વારા યોજાયેલ આર્થિક સંમેલનમાં આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, ભારતીય અવકાશ અર્થતંત્ર અત્યારે વૈશ્વિક અવકાશ અર્થતંત્રમાં આઠથી નવ ટકાનું યોગદાન આપી રહ્યું છે. નરેન્દ્ર મોદી સરકારે અવકાશ ક્ષેત્રે ખાનગી ક્ષેત્ર માટે ખૂલ્લુ મૂક્યું હોવાથી આ ક્ષેત્રે ઘણી નવી તકો ઉભી થઈ છે. કેન્દ્રીય મંત્રીએ કહ્યું કે, વર્ષ 2035 સુધીમાં ભારત પોતાનું સ્પેસ સ્ટેશન અવકાશમાં મૂકે તેવી સંભાવના છે.

# VP - ENERGY AWARDS

ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડે પરાળી બાળવાથી ઉભી થતી પર્યાવરણની સમસ્યાનો કાયમી ઉકેલ શોધવા અને આ બાબત વ્યક્તિઓ ઉપર નહીં છોડવા અનુરોધ કર્યો છે. આજે દિલ્હીમાં રાષ્ટ્રીય ઉર્જા જતન પુરસ્કાર સમારંભમાં તેઓ બોલી રહ્યા હતા.

તેમણે કુદરતના સંસાધનોનો જવાબદારી પૂર્વક ઉપયોગ કરવા ઉપર ભાર મૂક્યો હતો. શ્રી ધનખડે પર્યાવરણના ઉર્જાસ્ત્રોતોનો મહત્તમ ઉપયોગ કરવાની અપીલ કરી છે.

# SAFETY PLEDGE-CONSUMER AFFAIRS

કેન્દ્ર સરકારે ઓનલાઇન વેચાણ કરતી ઇ-કોમર્સ કંપનીઓ માટે ગ્રાહકોની સલામતીને લગતી પ્રતિજ્ઞાની જાહેરાત કરી છે. આગામી 24મી ડિસેમ્બરે ઉજવવામાં આવનાર ગ્રાહક દિવસ અગાઉ જાહેર કરાયેલી આ પ્રતિજ્ઞાનું ધ્યેય ગ્રાહકોના હિતોનું રક્ષણ કરવું અને ઇ-કોમર્સ કંપનીઓની સાર્વજનિક પ્રતિબધ્ધતા દર્શાવવાનું છે.

જેના દ્વારા ઇ-કોમર્સ કંપનીઓ  અસુરક્ષિત, બનાવટી અને ઓછી ગુણવત્તાવાળા ઉત્પાદનનું વેચાણ રોકવા અંગે સ્વૈચ્છિક પ્રતિબધ્ધતા દર્શાવશે. કેન્દ્રીય ગ્રાહક બાબતોના મંત્રાલયે આ સલામતી પ્રતિજ્ઞાના સંદર્ભમાં લાગતા વળગતા લોકો સાથે ગયા નવેમ્બર મહિનામાં એક બેઠક યોજી હતી. ત્યારબાદ આ પ્રતિજ્ઞાનો મુસદ્દો તૈયાર કરવા મુખ્ય ઇ-કોમર્સ કંપનીઓના પ્રતિનિધિઓ અને કાયદા નિષ્ણાંતોની એક સમિતિ બનાવવામાં આવી હતી.

# EVE CRICKET-IND AUS

ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે બ્રિસ્બેનમાં આજથી શરુ થયેલી ત્રીજી ક્રિકેટ ટેસ્ટ મેચના પહેલા દિવસની રમત 13 ઓવર બાદ વરસાદના કારણે બંધ રાખવાની ફરજ પડી છે. ઓસ્ટ્રેલિયાએ 13 ઓવરમાં વિના વિકેટે 28 રન નોંધાવ્યા છે. ઉસ્માન ખ્વાજા 19 રન સાથે અને નાથન ચાર રન સાથે રમતમાં છે. ભારતના સુકાની રોહિત શર્માએ ટોસ જીતીને ફિલ્ડિંગ કરવાનો નિર્ણય લીધો હતો. ભારતે તેની ટીમમાં આર. અશ્વિન અને હર્ષિલ રાણાના બદલે રવિન્દ્ર જાડેજા અને આકાશદીપને રમવાની તક આપી છે.

# REV NAVY CHIEF- INDONESIA

ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ ત્રિપાઠી ચાર દિવસની સત્તાવાર મુલાકાતે આજે ઇન્ડોનેશિયા પહોંચ્યા છે. તેઓ ઇન્ડોનેશિયાના સંરક્ષણમંત્રી, ઇન્ડોનેશિયાની સેનાના કમાન્ડર અને અન્ય ઉચ્ચ અધિકારીઓ સાથે દ્વિપક્ષીય ચર્ચા વિચારણા કરશે.

જેમાં સંરક્ષણ ક્ષેત્રે સહકાર વધારવો, સંયુક્ત તાલિમ કાર્યક્રમ તેમજ સેનાની પ્રત્યક્ષ કામગીરીમાં સહકાર વધારવો જેવી બાબતો કેન્દ્રમાં રહેશે. સંરક્ષણ મંત્રાલયની યાદીમાં જણાવ્યું છે કે, ભારત અને ઇન્ડોનેશિયા વચ્ચે સંરક્ષણ ક્ષેત્રનો સહકાર મજબૂત બનાવવાના ભાગરૂપે ભારતીય નૌકાદળના વડા ઇન્ડોનેશિયા ગયા છે.